# ઝાંઝરીના ભોગીયા ધરામાં ડૂબી જતાં ૩નાં મોત, તંત્રની બેદરકારી સામે લોક આક્રોશ




બાયડ (બ્યુરો ઓફીસ) તા.૦૫
બાયડ તાલુકાના ઝાંઝરીના ભોગીયા ધરામાં ગત રોજ ન્હાવા પડેલા અમદાવાદના ૧૦ યુવાનો ડૂબ્યા પછી તે પૈકી ૩ના મોત નિપજ્યા છે. ભારે જહેમત પછી બીજા દિવસે એન.ડી.આર.એફ.ની ટીમે મૃતદેહને બહાર કાઢ્યા હતા. જીતપુર સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં પોસ્ટ મોર્ટમ પછી મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા. દર વર્ષે પ્રવાસીઓના મોતની દુર્ઘટનાના કારણે તંત્રની બેદરકારી સામે લોક આક્રોશ જોવા મફે છે.

પાછલા અઢી દાયકાથી પંકાયેલા ઝાંઝરીના ભોગીયા ધરામાં પ્રવાસીઓના મોત નિપજવાની પરંપરા ચાલી રહી છે. તા.૪ના રોજ અમદાવાદના બાપુનગર વિસ્તારમાં રહેતા લઘુમતી પરિવારના મિત્રો પ્રવાસન સ્થફે ફરવા માટે આવ્યા હતા જે સમય દરમ્યાન અસહ્ય ગરમી અને બફારાથી વાત્રક નદીમાં છબછબીયાં મારવાની ઈચ્છા રોકી ન શક્યા અને નજીકમાં આવેલા જોખમી ધરાથી અજાણ હોય તે રીતે એક પછી એક મિત્રો ડૂબવા લાગ્યા તે પૈકી ૭ મિત્રોના નસીબ સારા કે તેમનો બચાવ થયો પરંતુ ૩ જણા પાણીમાં ડૂબવા લાગ્યા. આસપાસના લોકોને બોલાવી ડૂબેલા મિત્રોને બચાવવાના પ્રયાસમાં સફફતા ન મફી છેવટે વહીવટી તંત્રનો જાણ કરતાં એન.ડી.આર.એફ.ની ટીમને બોલાવવામાં આવી પરંતુ રાત્રે અંધારૂ વધુ હોવાથી રેસ્ક્યું શક્ય ન બન્યું. ગુરૂવાર સવારે કલાકોની જહેમત પછી ધરામાં ડૂબેલા ૩ યુવાનોને બહાર કાઢવામાં આવ્યા હતા પરંતુ વધુ પડતું પાણી પી જવાના કારણે તેમનું મૃત્યુ નિપજ્યું હતું. બનાવ અંગે આંબલિયારા પોલીસે એડી નોંધી તપાસ હાથ ધરી છે.

**મૃતકો**
હસન ઈરશાદભાઈ મનસૂરી
ઈરફાન મનસૂરી
ઈસ્તીયાક કમરૂભાઈ મનસૂરી
(તમામ રહે.બાપુનગર, અમદાવાદ)

## મનોરપુરમાં રામદેવજી મંદિરનો પાટોત્સવ ઉજવાયો



ગાંભોઈ તા.૦૫,
હિંમતનગર તાલુકાના મનોરપુર ગામે નવનિર્મિત રામદેવજી મંદિરનો ત્રિદિવસીય મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું સમસ્ત ગ્રામજનો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. સરપંચશ્રી અમૃતભાઈ કેશાભાઈ પટેલ, અમૃતભાઈ જેઠાભાઈ પટેલ અને જસવંતસિંહ કોદરસિંહ ચૌહાણના મુખ્ય યજમાન પદે યોજાયેલ આ મહોત્સવમાં યજ્ઞ આચાર્ય અશોકભાઈ શાસ્ત્રીની ઉપસ્થિતિમાં રામદેવજી, ભાથીજી મહારાજ, ખોડીયાર માતાજી, હનુમાનજી અને ગણેશજીની વૈદિક મંત્રોચ્ચાર સાથે પ્રતિષ્ઠા વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે રામદેવપીર ક્ષત્રિય આખ્યાન મંડળ મનોરપુર દ્વારા રાત્રી દરમિયાન સગુણાના વિવાહ, રામદેવજીનું પારણું અને વિવાહના પ્રસંગોનું આખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં શ્રદ્ધાળુ જનતા તેમજ દાતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો.

## ધાનેરામાં પાર્કિંગ વગરના શોપિંગ સેન્ટરો ને લઈ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા...

**રસ્તા વચ્ચે વાહન પાર્ક કરનાર વાહન ચાલકો સામે પોલીસે લાલ આંખ કરી**



ધાનેરા તા.
ધાનેરામાં મોટાભાગના શોપિંગ સેન્ટરમાં પાર્કિંગની સુવિધા ન હોવાના લીધે કામ અર્થે આવતા લોકો તેમજ વેપારીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, વેપારીઓની સાથે સાથે અન્ય પ્રજાજનો પણ અને ભારે ટ્રાફિકનો સામનો કરવો પડી રહ્યો છે. તો આ શોપિંગ સેન્ટરમાં પાર્કિંગની સુવિધા ન હોવાના કારણે કામ અર્થે આવતા લોકો પોતાનું વાહન રસ્તા વચ્ચે મુકી દે છે. અને રસ્તા વચ્ચે મુકી દેતાં ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાય છે તો કેટલાક વાહનચાલકોય તો ધાનેરાના બસ સ્ટેશનને પણ પાર્કિંગ બનાવી દીધું છે. અને બસ સ્ટેશનમાં પણ પોતાના વાહનો પાર્ક કરી કામ અર્થે જતા હોય છે. ત્યારે આવા લોકો સામે આજે ધાનેરા ટ્રાફિક પોલીસ માંથી રવિભાઈ સોલંકી સહિત પોતાની ટીમને લાલ આંખ કરી છે અને રસ્તા વચ્ચે પડેલા વાહનો તેમજ બસ સ્ટેશન માં પાર્ક કરેલા વાહનો ને લોક મારી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ધાનેરાના ધાખા-સાંકડ માર્ગ પરથી વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપાઈ...



ધાનેરા તા.
ધાનેરા રાજસ્થાનની સરહદને અડીને આવેલ તાલુકા મથક હોઈ મોટા પાયે વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે, જે બાબતે ગત રાત્રે પાલનપુર એલ.સી.બી.એ બાતમી આધારે ધાખા – સાંકડ માર્ગ ઉપર વોચ ગોઠવી બાતમી વાળી સ્વીફટ ગાડી આવતાં રોકવી ચેક કરતાં અંદરથી વિદેશી દારૂ બોટલ નંગ ૧૦૮૮ (કિંમત રૂા.૧,૪૩,૯૩૦) તથા ૩ લાખની ગાડી સાથે આરોપી બુધારામ હરીરામ વિશ્નોઈ (રહે. કરવાડા તા. રાણીવાડા) પકડાઈ ગયેલ. જ્યારે વાહન ચાલક લીલારામ લસારામ રબારી (રહે. ટીટોય તા. સાંચોર રાજસ્થાન) ભાગી ગયો હતો.
તે બંને તથા રાજસ્થાનના ઠેકા ઉપરથી માલ ભરાવનાર સામે કેશ નોંધી તપાસ હાથ ધરી છે.

## પ્રાંતિજ ખાતે IPL ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમતા ત્રણ સટ્ટોરીયાઓને પોલીસે ઝડપી પાડયા

પ્રાંતિજ તા.૫
સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના રસુલપુર - સલાલ વચ્ચેઁ - ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમતા ત્રણેય આરોપીઓને હિંમતનગર જિલ્લા એલસીબી પોલીસે બાતમીના આધારે ઝડપી પડયા
હાલૈઁ નક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦-૨૦ ઓવરની ક્રિકેટ મેચ ચાલી રહી છે જેમા ગુજરાત ટાઈટન્સ અને કિંગ્સ ઈલેવન પંજાબ ની મેચ ઉપર ક્રિકેટ મેચનું લાઈવ પ્રસારણ ચાલુ હોય અને તેમા પ્રથમ બેટિંગ ગુજરાત ટાઈટન્સ ની હોય જેમા સદર મેચના ભાવ ફોન ઉપર ઓવરદીઠ પૈસાની હારજીત નો જુગાર રમી રમાડતા ત્રણ આરોપીઓને જિલ્લા એલસીબી હિંમતનગર પોલીસે બાતમીના આધારે દલપુર-સલાલ વચ્ચે રોડની સાઈડ મા મોબાઈલ ઉપર સટ્ટો રમતા ત્રણ ઈસમોને ઝડપી પાડયા હતા જેમા લક્ષ્મણ કુમાર ઉર્ફે કાળુભાઈ પરસોતમદાસ રામચંદાની સિંધી રહે મોટામાઢ ની અંદર પ્રાંતિજ , હરેશ કુમાર ઉર્ફે અન્નાભાઈ અશોકભાઈ વાપરાણી સિંધી રહે.ગણેશ સ્ટ્રીટ ગણપતિ મંદિરનીસામેપ્રાંતિજ , વિજયભાઈ ધનશ્યામભાઈ બાલવાની સિંધી રહે ભાટવાડા મુળ રહે.બી/૨૩ શીવ ટાવર સોરાબજી કમ્પાઉન્ડ, જુનાવાડજ અમદાવાદ ત્યારે મોબાઈલ નંગ-૪ જેની કિંમત-૧૫,૫૦૦ તથા ત્રણેય આરોપીઓની અંગઝડતી માંથી મળેલ રકમ-૬૯૭૦ મળી કુલ ૨૨,૪૭૦ ના મુદ્દામાલ સાથે ત્રણેય આરોપીઓની જિલ્લા એલસીબી પોલીસે ઝડપી પાડયા હતા અને જુગાર ધારા ૧૨ એ મુજબ ગુનોનોંધી કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી

## પ્રાંતિજ મા તસ્કરોનો તરખાટ ત્રણ મકાન ને નિશાન બનાવ્યા

**ગ્રીનપાર્ક-૧મા બે મકાન ગ્રીનપાર્ક-૨ એક મકાન ચોરી : મકાન માલિકો બહાર અને ઘર મા સુતા રહ્યા ને તસ્કરો ચોરી કરી ગયા : અંદાજે ત્રણ મકાન નો માંથી ૧ લાખ ૧૫ હજાર મત્તાની ચોરી : સોસાયટી મા લાગેલ સીસીટીવી કેમેરામા તસ્કરો કેદ**




પ્રાંતિજ તા.૫
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે તસ્કરોએ એકજ રાત્રીમા ત્રણ મકાનોને નિશાન બનાવી સોના-ચાંદી ના દાગીના રાણીછાપ ના સિક્કાઓ રોકડ રકમ સહિત કુલ-૧,૧૫,૦૦૦ ની મત્તાની ચોરી કરી પલાયન થતા મકાન માલિકો દ્વારા પ્રાંતિજ પોલીસ ને જાણ કરી
પ્રાંતિજ સહિત તાલુકામા તસ્કરોએ જાણે હમરાહમરા ધામા નાખ્યા હોય એક પછી એક ગામ અને પ્રાંતિજ મા તસ્કરો તરખાટ મચાવી રહ્યા છે ત્યારે પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ગ્રીન પાર્ક-૧ મા બે મકાનો અને ગ્રીન પાર્ક-૨ માં એક મકાન એમ એકજ રાત્રીમા તસ્કરોએ ત્રણ મકાનોને નિશાન બનાવ્યા હતા જેમા ગ્રીન પાર્ક-૧ મા રહેતા પંચાલ અશોકભાઈ અંબાલાલ ના ધર નો રસોડાનો પાછળ નો દરવાજો તોડી અંદર પ્રવેશ કરી ધરમા રહેલ તિજોરી ના તાળા તોડી તિજોરી મા રહેલ સોનાની વીટી ,ચાંદીની હેરો , ચુની નંગ-૬ તથા રાણીછાપ ના ૧૫૦ વર્ષ જુના ૧૯૬૪ ના સિક્કાઓ નંગ-૧૫ તથા મંદિર મા મુકેલ ચાંદીના સિક્કાઓ નંગ-૫ રોકડ રકમ-૧૦,૦૦૦ તથા પરચુરણ સહિત કુલ-૯૦ હજાર ની ચોરી કરી અજાવ્યા તસ્કરો પલાયન થયા હતા તો ગ્રીનપાર્ક-૧ માં આગળ માં ભાગમા આવેલ પટેલ મુકેશભાઈ પુરુષોત્તમભાઈ નો પરિવાર બહાર ઓસરી મા સુત્રો હતો ત્યારે તેમના પત્નીના ઓશીકા નીચે રહેલ ચાવી લઈ ને મકાન નો દરવાજો ખોલી અંદર પ્રવેશ કર્યો હતો અને સરસામાન વેરવિખેર કરી ધરમાથી રોકડ રકમ અંદાજે ૧૫ હજાર તથા ધરમા રહેલ કપડા ની ચોરી કરી હતી તો ગ્રીન પાર્ક-૨ માં રહેતા જનકભાઈ છગનભાઈ સોલંકી ના પાછળ નો દરવાજાથી ધરમા પ્રવેશ કરી તિજોરી ના તાળા તોડી સરસામાન વેરવિખેર કરી ધરમા ટેબલ ઉપર પડેલ એક મોબાઈલ જેની કિંમત-૧૮,૦૦૦ તથા નાના બાળક ના ચાંદીના છરા એકટીવા ની ચાલી તથા તિજોરી ની ચાવી રોકડા અંદાજે દશ હજાર લઈ ગયા હતા તો ત્રણેય મકાન માલિકો દ્વારા પ્રાંતિજ પોલીસ ને જાણ કરતા પ્રાંતિજ પોલીસ તાત્કાલિક ધટના સ્થળે દોડી આવ્યા હતા અને સોસાયટી મા લાગેલ સીસીટીવી ફુટેજ ના આધારે તપાસ હાથ ધરી હતી તો એકજ રાત્રીમા ત્રણ મકાનો ના તાળા તૂટતા સોસયટી ના રહીશોમા ભયંનો માહોલ જોવા મલ્યો હતો ત્યારે સોસાયટી ના રહીશો તથા નગરજનો દ્વારા પોલીસ નો રાત્રીનો પોલીસ પેટ્રોલિંગ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામા આવે તેવી માંગ પામી છે.

**હિંમતનગર ગ્રામ્ય પોલીસે માનવતા મહેકાવી**

## ગાંધીનગર સોજા ગામના પરિવારથી વિખુટા પડેલા મુકબધીર યુવકનું પરિવાર સાથે મિલન કરાવ્યું



હિંમતનગર
હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પીએસઆઈ કોમલ રાઠોડને તાજપુરી ગામમાં માનસિક અસ્વસ્થ અને દિવ્યાંગ અજાણ્યો યુવક ફરતો હોવાની માહિતી મળતા પોલીસને તાજપુરી ગામે મોકલી યુવકને પોલીસ સ્ટેશન લાવતા યુવક પરિવારથી વિખૂટો પડ્યો હોવાનું જાણ થતા સોશ્યલ મીડિયામાં યુવકના ફોટા મારફતે ગાંધીનગર જીલ્લાના કલોલ તાલુકાના સેજા ગામે રહેતા પરિવારનો સંપર્ક કરી તેના પરિવાર સાથે મિલન કરાવતા પરિવારજનોની આંખોમાંથી અશ્રુ સરી પડ્યા હતા ત્રણ દિવસથી ગુમ થયેલ માનસિક અસ્વસ્થ દિવ્યાંગ યુવક પરિવારને સોંપતા પરિવારે પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો
ગાંધીનગર જીલ્લાના કલોલ તાલુકાના સેજા ગામનો ૨૦ વર્ષીય યુવક નિલેશ નાગરજી ઠાકોર જન્મથી માનસિક અસ્વસ્થ અને દિવ્યાંગ છે ત્રણ દિવસ અગાઉ ઘરેથી નીકળી ગયો હતો અને હિંમતનગરના તાજપુરી ગામમાં પહોંચતા ગામમાં અજાણ્યા દિવ્યાંગ યુવક ફરતો હોવાની જાગૃત નાગરિકે હિંમતનગર ગ્રામ્ય પોલીસને જાણ કરતા પોલીસ તાજપુરી ગામે પહોંચી યુવકને પોલીસ સ્ટેશન લઈ આવી ચા-નાસ્તો કરાવી તેના પરિવારજનો અંગે પૂછપરછ કરતા માનસિક અસ્વસ્થ યુવક પાસેથી પરિવારજનોની માહિતી ન મળતા પોલીસે આખરે સોશ્યલ મીડિયામાં દિવ્યાંગ યુવકના ફોટા વાયરલ કરતા આ ગુમ યુવકના મામાએ પોલીસનો સંપર્ક કરી યુવક તેનો ભણો થતો હોવાનુ જણાવી ગુમ યુવકની માતા સાથે હિંમતનગર પોલીસ સ્ટેશને પહોંચતા દિવ્યાંગ યુવકનું પરિવાર સાથે મિલન કરાવતા લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતા
હિંમતનગર ગ્રામ્ય પીએસઆઈ કોમલ રાઠોડે સોશ્યલ મીડિયા મારફતે માનસિક અસ્વસ્થ અને દિવ્યાંગ યુવકને તેના પરિવારજનો સાથે મિલન કરાવી માનવતા મહેકાવી હતી

## તલોદ તાલુકાના વાવ મુકામે છઠ્ઠો સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન ઉત્સવ ઉજવાયો

**સર્વજ્ઞાતિય સમૂહ લગ્ન સામાજિક સમરસતાનુ ઉદાહરણ : મંત્રી શ્રી પ્રદીપ પરમાર**



બાયડ તા.૫
સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના વાવ મુકામે વિરેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા છઠ્ઠો સર્વજ્ઞાતિય સમૂહ લગ્ન મહોત્સવ ઉજવાયો જેમાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદીપ પરમાર ખાસ ઉપસ્થિત રહી નવયુગલોને આશિર્વચન આપ્યા હતા.
મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સર્વજ્ઞાતિય સમૂહ લગ્ન સામાજિક સમરસતાનો ઉત્તમ ઉદાહરણ છે પ્રભુતામાં પગલાં માંડનાર નવયુગલોને આશીર્વચન પાઠવતાં નવવિવાહિત આ યુવતીઓને જણાવ્યું હતું કે તેઓ ઘર-પરિવારની જવાબદારી ની સાથે પગભર બની પરિવારમાં આર્થિક મદદ કરવા તૈયાર થાય સાથે જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર દ્વારા છોડમાં રણછોડ ની ભાવના થી તમામ સમાજની સાથે રાખીને આગળ વધવા માટે પ્રેરણા આપી છે સાથે ગુજરાતના તમામ ગામડાઓમાં યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરવા માટે તેમજ વાંચન માટે નો શોખ વધે તે માટે લાઈબ્રેરી યોજના દ્વારા પાંચ લાખ સહાય આપવામાં આવી રહી છે તો સમાજના દરેક ગામડાઓમાં આવી લાઈબ્રેરીઓ નું નિર્માણ થાય અને યુવાનો પોતાનો વાંચનનો શોખ વધારી પુસ્તકોની પોતાના મિત્રો બનાવી પુસ્તકો શ્રેષ્ઠ મિત્ર સમાન છે મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.
વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે વિરબાવજી દ્વારા કરવામાં આવતા સામાજિક કાર્યો અને દિકરીઓના કન્યાદાન તેમજ આ પ્રસંગે પોતે ઉપસ્થિત રહેવા બદલ ધન્યતા અનુભવી હતી.
આ પ્રસંગે પરમ પૂજ્ય સંત શ્રી કૃષ્ણ શાહુ વિદ્યાર્થી ડાયરેક્ટર ઓલ ઈન્ડિયા શ્રી પુનમભાઈ મકવાણા પૂર્વ ધારાસભ્ય શ્રી તલોદ શ્રી મહેન્દ્ર બારૈયા પૂર્વ ધારાસભ્ય શ્રી ગઢડા પ્રવીણભાઈ મારુ જુદા જુદા સમાજના આગેવાનો વડીલો આ સમૂહ લગ્નમાં ઉપસ્થિત રહ્યા.

## એસાભી હોતા હૈ ! પ્રાંતિજ રેલ્વેસ્ટેશન ઉપર ટોયલેટનો દરવાજો અંદરથી બંધ થઈ જતા દોડધામ

**સવારે સ્લીપર ટોયલેટ સાફ કરવા આવતા દરવાજોના ખુલતા શંકા-કુશંકાઓ : પોલીસ ની હાજરીમા દરવાજો તોડી પાડવામા આવ્યો**




પ્રાંતિજ તા.૫
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન બહાર ની સાઈડમા મુસાફરો માટે બનાવેલ ટોયલેટ નો દરવાજો અંદરથી બંધ થતા દોડધામ મચીજવા પામી હતી તો રેલ્વે અધિકારીઓ સહિત પ્રાંતિજ પોલીસ પણ ધટના સ્થળ ઉપર દોડી આવી હતી
પ્રાંતિજ રેલ્વેસ્ટેશન ઉપર મુસાફરો માટે બનાવવામા આવેલ ટોયલેટ નો દરવાજો કોઈ કારણોસર અચાનક અંદર થી બંધ થઈ ગયો હતો તો રેલ્વે વિભાગ નો સ્લીપર ટોયલેટ ની સફાઈ માટે આવતા દરવાજો અંદર થી બંધ હોય ખોલવાનો ટ્રાય કર્યો અને બુમ પાડતા દરવાજો ખખડાવતા અંદર થી કોઈ અવાજ ના આવતા સ્લીપર દ્વારા ઓફિસ માં જાણ કરી હતી તો ઓફિસ ના અધિકારીઓ પણ ત્યાં દોડીઆવી તપાસ કરતા દરવાજો ખવડાવવા બુમો પાડતા અંદર થી અવાજ ના આવતા શંકાઓ કુશંકાઓ થતા આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ ને જાણ કરતા પ્રાંતિજ પોલીસના ટાઉન જમાદાર જીગ્નેશભાઈ પટેલ સહિત નો પોલીસ સ્ટાફ તાત્કાલિક ધટના સ્થળે દોડી આવ્યો હતો અને પોલીસની હાજરીમાં રેલ્વે કર્મચારીઓ તથા આજુ માથી દોડી આવેલ.
લોકો દ્વારા દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો હતો પણ દરવાજો એવો ફીટ થયો હતો કે છેવટે તેને કોસ અને કુહાડી થી તોડવામા આવ્યો હતો અને જયારે દરવાજો ખુલતા ઉપસ્થિત સોવકોઈ ચોકી ઉઠયા હતા અને સાથે અંદર થી કોઈ ના નિકળતા રેલ્વે તંત્ર તથા દોડીઆવેલ લોકોએ હાશકારો લીધો હતો ત્યારે બીજીબાજુ બંધ દરવાજાને લઈ ને તરહ તરહ ની વાતો થતી હતી પણ દરવાજો તોડી ને અંદર થી કોઈ ના નિકળતા શંકા-કુશંકાઓ ઉપર પૂર્ણવિરામ મુકાયુ હતુ અને અંદર થી કોઈ ના મળી આવતા ઉપસ્થિત સોવકોઈ હંસીહસીને થાકી ગયા હતા ત્યારે એસાભી હોતા હૈ ....

## જન્મદિને વધામણી


આશીષ સોની, મોડાસા


જેમિન ચૌહાણ, બાયડ


ક્રિષ્ના વિજયભાઈ સોની, બાયડ


પ્રફુલ્લભાઈ ભટ્ટ શિકા, તા. ધનસુરા


પરેશ સોની, બાયડ


પ્રતિક નરેન્દ્રભાઈ પટેલ ધનસુરા